ગાંધીનગરમાં કોરોનાનો નવો વિક્રમ : નવા ૭૩ કેસ

ગાંધીનગરમાં ૨૦, કલોલમાં ૧૧, દહેગામમાં ૧, માણસામાં ૩ કેસ નોંધાયા : આજે સે. ૭ માંથી પાંચ કેસ તેમજ સે. ૧૨, ૨૭, ૨૪ માંથી ૩-૩ કેસ ઉપરાંત સે. ૨૦, ૨, ૧૩, ૧૭, ૨૧, ૩૦, ૩, ૮ અને સે. ૨૨ માંથી બે-બે કેસ નોંધાયા : શહેરના સે. ૧૬, સે. ૯, ૩-એ-ન્યુ, ૧૫, ૨૬ અને સે. ૨૮ માંથી પણ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ૧૬૦ દિવસ પછી કોરોનાના દૈનિક કેસનો આંક ૭૦ને પાર કરી ૭૩ પર આજે પહોંચતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં ૩૮ તો ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩૫ કેસ નોંધાયા છે. પ્રથમ લહેરમાં એક જ દિવસમાં ૭૦ કેસ નોંધાયા હતા. આ બીજી લહેરમાં આ રેકર્ડ તુટીને આજે ૭૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર જિલ્લામાં જે રીતે ચેપરેટ વધી રહ્યો છે અને કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રએ ટ્રેસીંગ, ટેસ્ટીંગ અને ટ્રીટમેન્ટની રણનીતિ પર તેનું સમગ્ર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. ગ્રામીણ વિસ્તારોમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને પગલે તંત્રની દોડધામ વધી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં ૨૦, દહેગામમાં ૧, કલોલમાં ૧૧ અને માણસામાં ૩ કેસ નોંધાયા છે. જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૮ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગ્રામ્યવિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૫ મહિલા દર્દીઓ નોંધાઈ છે.

યુવા તેમજ મોટીવયના લોકો પણ સંક્રમિત થયા હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે સંક્રમિત થનારાઓમાં ૬ કર્મયોગીનો પણ સમાવેશ થાય છે.

દહેગામના સાણોદા ગામેથી આજે એક ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકામાં ગામેથી બે કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્યવિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૪૬૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૧૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૨૮૧૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક કરવા ઉપરાંત સર્વેલન્સ સઘન વધારે કરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન થાય તે માટે તંત્રએ સૂચનાઓ જારી કરી છે.

ગ્રામીણ વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયેલા વિસ્તારોમાં પણ અમલવારી કડકાઈ સાથે થાય તે જોવા માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

● અનુસંધાન પાના - ૭ પર

મહેસુલ મંત્રી, ગૃહ રાજ્ય મંત્રી અને મામલતદાર ઓફિસમાં કોરોના વિસ્ફોટ

રાજ્યના મહેસુલ મંત્રીની કચેરીમાં કેસો નોંધાયા બાદ રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાની કચેરીમાં તેમના સચિવ મનોજભાઈ પટેલ સહિત સાત કર્મચારીઓ પોઝીટીવ આવતાં સચિવાલય જ નહિ પણ નગરની તમામ કચેરીઓમાં કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

જિલ્લા કલેક્ટર કચેરીમાં આવેલ મામલતદાર કચેરીમાં પણ સાત જેટલા કર્મયોગીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. કર્મચારીઓમાં ભય એટલો વ્યાપી ગયો છે કે હવે લોકો કચેરીએ જતાં પણ બીક અનુભવી રહ્યા છે. કોરોનાની આ મહામારી વચ્ચે સરકારની કેટલીક કચેરીઓ અને ખાતાના વડાની કચેરીઓમાં બાયો મેટ્રીક પદ્ધતિથી હાજરી પુરવાની પ્રથા આજે પણ ચાલુ છે તેથી કર્મચારીઓમાં ભયની લાગણી વધુ પ્રસરેલી જોવા મળી રહી છે.

કોરોના દર્દીઓની સંખ્યા વધતા ઓકિસજનનો વપરાશ બમણો થયો

રાજયના પાટનગરમાં કોરોનાની સ્થિતિ કથળતી જાય છે. કોરોના બેકાબુ બની નાગરીકોને અજગરી ભરડામાં લઈ રહ્યો છે. ગાંધીનગરમાં ૭૩ કોરોનાના કેસ નોંધાયા છે. તેમાં ૩૮ કેસ મહાનગર પાલિકામાં અને ૩૫ ગ્રામીણ વિસ્તારમાં સામે આવ્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૩૭૦ જેટલા દર્દીઓ કોવીડના સારવાર હેઠળ છે. જેમાંથી ૧૫૦ થી વધુ દર્દીઓ ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટરના સહારે છે. દર્દીઓના ધસારાને પગલે સિવિલમાં ઓકિસજનનો વપરાશ બમણો થઈ ગયો છે. ગાંધીનગર સિવિલમાં સામાન્ય દિવસોમાં ૨૦ થી ૩૦ લાખ લીટર લીકવીડ ઓક્સિજનનો ઉપયોગ થતો હતો. તેના સ્થાને હાલ રોજનો ૭૦ લાખ લીટર લીકવીડ ઓક્સિજનનો વપરાશ થાય છે.

કોરોનાની બીજીવારની લ્હેર કોહરામ મચાવી રહી છે, ત્યારે રાજયમાં પણ કોરોના દર્દીઓની સંખ્યામાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે. રાજયમાં કોરોનાના કેસ ૩૨૮૦ સામે આવ્યા છે. જયારે ૧૭ દર્દીના મૃત્યુ થયા હોવાનું તંત્ર કહી રહ્યું છે. ગાંધીનગર શહેરમાં પણ કોરોનાની વિકટ પરિસ્થિતિ ઉભી થાય તેમ લાગી રહ્યું છે. શહેર નજીક આસપાસના ગામડામાં કોરોનાના ઘરે ઘરે ખાટલા હોય તેવી સ્થિતિનુ નિર્માણ થયું છે. ગાંધીનગરમાં કોરોના પોઝીટીવના ૭૩ કેસ સામે આવ્યા છે. જેમાં ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાંથી ૩૮ અને ગ્રામીણ વિસ્તારમાંથી ૩૫ કેસ નોંધાતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ૪ થી ૮ માળ કોરોના દર્દીઓથી ભરાઈ ગયો છે. ગાંધીનગર સિવિલમાં અંદાજીત ૩૭૦ થી વધુ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે.જેમાં મોટાભાગના દર્દીઓને ઓકિસજનની જરુરત ધરાવતા છે. જેથી ગાંધીનગર સિવિલમાં છેલ્લા કેટલાક દિવસથી ઓકિસજનનો વપરાશ વધુ થવા પામે છે. સામાન્ય દિવસોમાં ૨ થી ૩ હજાર ક્યુબીક લીકવીડ ઓકિસજનનો વપરાશ થતો હતો. જયારે કોરોના પોઝીટીવ દર્દીઓનો ધસારો થતા હાલના સમયે ૭ હજાર ક્યુબીક લીકવીડ ઓકિસજનનો વપરાશ થાય છે. એટલે કે કોરોના પોઝીટીવ દર્દીઓ પાછળ રોજનો ૪૦ લાખ લીટર લીકવીડ ઓક્સિજનનો વપરાશ થાય છે. ત્યારે હાલની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ ખાતે પુરતી માત્રામાં ઓકિસજન દર્દીઓને મળી રહે તે માટેની ખાસ વ્યવસ્થા ઉભી કરાઈ છે.

કર્મચારીઓના પગાર અટવાયા

ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯ની આઉટસોર્સિંગમાં ફરજો બજાવતા કર્મયોગીઓનો પગાર નહિ થયાની તેમજ જિલ્લાની આરોગ્ય કચેરીઓના કર્મયોગીઓનો પણ પગાર નહિ થયાની વાતો કર્મચારી આલમમાં સચિવાલય ખાતે સાંભળવા મળી હતી.

જિલ્લામાં કોવિડ-૧૯ની કામગીરી માટે આઉટ સોર્સિંગથી ફરજ પર લેવાયેલા કર્મચારીઓ પાસેથી કામ લેવામાં આવી રહ્યુ છે પણ તેમને છેલ્લા બે માસથી પગાર માટે તકલીફોનો સામનો કરવો પડી રહ્યાની વાતો ચર્ચાતી સાંભળવા મળી હતી.

કોલવડા આર્યુવેદિક કોલેજમાં કોરોનાના ૩૦ દર્દીઓ દાખલ

ગાંધીનગર સિવિલમાં બેડ ખુટી ગયા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. સતત દર્દીઓના ધસારાને પગલે ૬૦૦ બેડની હોસ્પિટલમાં ૪ થા માળ સુધી કોરોના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે હવે કોરોનામાં ઓકિસજનની જરુરીયાત ના હોય તેવા દર્દીઓને કોલવડા આર્યુવેદિક કોલેજ ખાતે સારવાર માટે મોકલી આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૩૦ દર્દીઓને કોલવડા ખાતે મોકલી અપાયા છે અને આગામી સમયમાં પણ દર્દીઓને મોકલવામાં આવશે.

ગાંધીનગરના કોરોનાથી ૨૦ ડોકટર સંક્રમિત

ગાંધીનગર સિવિલમાં ૩૭૦ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તમામ વોર્ડ કોરોના દર્દીઓથી હાઉસફુલ થઈ ગયા છે. ત્યારે કોરોનાનો ચેપ મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં પણ લાગ્યો છે. જેમાં ગાયનેક વિભાગ, ઓર્થોપેડીક, એનેથેસીયા વિભાગ સહિત એસઆર તેમજ જેઆર ડોકટર સુધી પણ કોરોનાનો ચેપ પ્રસર્યો છે. જયારે સ્ટાફના પણ ૧૦ વ્યકિતઓ સંક્રમિત થયા છે.

ચૂંટણી મોકુફ રાખવા આરંભાયેલી વિચારણા

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી થશે કે મતદાન પાછુ લઈ જવાશે તેવી અટકળો વચ્ચ ૯મી એપ્રિલના રોજ રાજ્ય ચૂંટણી પંચે જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીઓ સાથે ખાસ સમીક્ષા બેઠકનું આયોજન કર્યુ છે. મળતા નિર્દેશો મુજબ રાજ્યની વડી અદાલતના નિર્દેશો બાદ પણ ચૂંટણી પંચે હજુ આ અંગે કોઈ ચોક્કસ દિશામાં વિચારણા હાથ ધરી નથી.

પંચના વિશ્વસનીય સૂત્રોમાંથી મળતા નિર્દેશો મુજબ નોમીનેશનની કામગીરી સંપન્ન થઈ ગઈ છે અને ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા માટે ૯મી એપ્રિલે જિલ્લા કલેક્ટરશ્રી અને ચૂંટણી અધિકારીઓ સાથે રૂટીન બેઠક યોજવામાં આવનાર છે.

ચૂંટણી માટેની તૈયારીઓના ભાગરૂપે તંત્રએ પણ પ્રિસાઈડીંગ ઓફિસર અને પોલીંગ ઓફિસર-૧ ને તાલિમ પણ આપી દીધી છે. ચૂંટણી માટે પોસ્ટલ બેલેટ તૈયાર કરવા સહિતની આનુસંગિક તૈયારીમાં તંત્ર વ્યસ્ત બન્યુ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મતદાન મથકો પર કોવિડ ગાઈડલાઈનના પાલન માટેની કીટો પણ લગભગ તૈયાર કરી લેવામાં આવી છે. સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો પર પોલીસ સહિતના સલામતિના પગલાંઓ અને બંદોબસ્ત ડિપ્લોપમેન્ટને પણ આખરી કરી દેવામાં આવ્યુ છે.

બીજી તરફ રાજ્ય ચૂંટણી પંચના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચૂંટણી અધિકારીઓ અને જિલ્લાતંત્રની બેઠક બાદ આરોગ્ય, ગૃહ વિભાગના અધિકારીઓ સાથે પણ અલગથી બેઠક યોજવામાં આવશે.

શહેર-જિલ્લામાં સંક્રમણ વધ્યુ છે તેનો સ્વીકાર કરતાં આ સૂત્રોએ જણાવ્યુ છે કે અમે સતત પરિસ્થિતિ પર નજર રાખીએ છીએ એટલુ જ નહિ સમયાંતરે સમીક્ષા પણ કરીએ છીએ જ.

ચૂંટણી મુલ્તવી રાખવી કે મતદાન પાછળ લઈ જવુ તે અંગે જરૂરી સમીક્ષા બેઠક બાદ જ નિર્ણય થશે. પંચનું મન ખુલ્લુ છે અમે કોવિડ-૧૯નું સંક્રમણ ના થાય તે માટે ખાસ ગાઈડલાઈન પણ બહાર પાડી છે એટલુ જ નહિ તેની નકલો રાજકીય પક્ષો અને તંત્રના અધિકારીઓને પણ મોકલી છે. પંચ કોઈના માટે કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખવા ટેવાયેલુ નથી. ગાઈડલાઈનનું ચુસ્તતાથી પાલન કરવા માટે પણ દરેક બેઠકમાં સ્પષ્ટ સૂચનાઓ અપાઈ જ છે.

સરકારના લોકડાઉનની રાહ જોયા વગર સ્વયંને લોકડાઉન કરીએ

ગયા વર્ષના લોકડાઉનના કડવા અનુભવના આધારે સરકાર લોકડાઉન કે કરફ્યુનું હમણાં વિચારે તેમ નથી

સમયસર

કોરોના અને ગરમી બેવડી ધાક પ્રકૃતિ માનવજાતને આપી રહી છે. પરંપરાગત ગરમી સમય કરતાં વહેલી અને વધારે છે. લીલીછમ્મ નગરીમાં પણ અસહ્ય તાપ સૌને રેબઝેબ કરી નાંખે છે અને અધુરામાં પુરૂ કોરોના રોજેરોજ તમાચા પર ચમાચા મારે છે. કેસ ઘટતા નથી બલકે કુદકે ને ભૂસકે વધી રહ્યા છે. ગાંધીનગર અને ગુજરાત ખતરનાક સ્થિતિએ પહોંચ્યા છે. કોરોના પીડીતોની સંખ્યા મન અને મગજમાં ન બેસે તેવી રીતે વધી રહી છે. ખાનગી અને સરકારી હોસ્પિટલો કોરોનાના દર્દીઓથી ઉભરાઈ ગઈ છે. નાની-નાની ખાનગી હોસ્પિટલોમાં પણ ૨૦-૨૦ દર્દીઓનું વેઈટીંગ છે. આશ્કા અને એસએમવીએસમાં બે-બે ત્રણ-ત્રણ દિવસની તારીખો અપાય છે. જ્યારે સિવિલ હોસ્પિટલ એની ક્ષમતા કરતાં પણ બેવડા દર્દીઓને સારવાર આપી રહી છે. ઓક્સિજનનો જથ્થો ખુટી રહ્યો છે ક્યારે શું સ્થિતિ સર્જાશે એ તો માત્ર ભગવાન જ જાણે છે. માનવજાત મહામારી સામે મહાયુદ્ધ ખેલી રહી છે. સરકારો પછી એ રાજ્ય સરકાર હોય કે કેન્દ્ર સરકાર કોઈ કરફ્યુ મુકવાના મુડમાં નથી. ગુજરાત હાઈકોર્ટે આગ્રહપૂર્વક ચાર દિવસના કરફ્યુની અને વિક એન્ડ લોકડાઉનના નિર્દેશો આપ્યા છે. આમ છતાં ગયા વર્ષના એપ્રિલ-મે ના લોકડાઉનના કડવા અનુભવ બાદ કોઈ સરકારની હિંમત નથી..!! અને સરકારનો મુડ પણ નથી. મહારાષ્ટ્રમાં રોજના ૫૦ હજાર કેસ આવે છે છતાંય ક્યાં લોકડાઉન છે..?! કેટલાંક શહેરોમાં આંશિક મુકાયુ પણ લોકડાઉનના વિચારથી સરકારો થથરે છે. ઈન્ડિયન મેડીકલ એસોસીએશને પણ પત્ર લખીને આંશિક લોકડાઉન માટે રજુઆત કરી છે. કેટલાંક વેપારી મંડળો પણ લોકડાઉનની હિમાયત કરે છે. પણ હજુ સરકાર મગનું નામ મરી પાડવા તૈયાર નથી. અને કદાચ મેળવડાઓ-લગ્ન સમારંભો-મંદિરોમાં કડક નિયંત્રણો મુકી હાઈકોર્ટને આશ્વાસન આપશે..!

હવે જ્યારે સરકાર લોકડાઉન મુકવાની જ નથી એમ માનીને સમાજ ચાલે તો સ્વયંભુ લોકડાઉન એકમાત્ર વિકલ્પ છે. કોરોના મહામારીમાં પોતાની જાતને સંક્રમિત થતા અટકાવવા માટે સરકારની રાહ શું કામ જોવાની..?! સરકાર લોકડાઉન મુકે... સરકાર કરફ્યુ

● અનુસંધાન પાના - ૭ પર

કોવિડ દર્દીઓથી ચિક્કાર ખાનગી હોસ્પિટલોમાં વેઈટીંગ સિસ્ટમ

નગરની મુખ્ય પાંચ ખાનગી હોસ્પિટલોમાં ૨૦૮ દર્દીઓ દાખલ : ૧૦ ટકા બેડ વધારવા સરકારની મંજુરી પરંતુ માળખાગત સુવિધાઓના અભાવ વચ્ચે મુશ્કેલ સ્થિતિ

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં કોરોનાના પ્રતિદિન ૫૦ થી વધુ દર્દીઓ નોંધાય છે. ત્યારે રોજબરોજ વધતા સંક્રમણ વચ્ચે શહેરની સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા પણ સતત વધી રહી છે. હાલના સમયમાં નગરની ખાનગી હોસ્પિટલો કોવિડના દર્દીઓથી ચિક્કાર છે. અલબત્ત એક પણ હોસ્પિટલમાં તુરંત દર્દીને દાખલ કરવામાં આવે તેવી વ્યવસ્થા થઈ શકે તેમ નથી અલબત્ત ખાનગી હોસ્પિટલમાં વેઈટીંગ ચાલી રહ્યુ છે.

નગરની આશ્કા હોસ્પિટલમાં હાલ ૯૦ દર્દીઓ સારવાર હેઠળ છે. જયારે એસ એમ વી એસમાં ૩૫, વાછાણી હોસ્પિટલમાં ૩૫ અને રાધે હોસ્પિટલમાં ૩૦ તેમજ સરમાઉન્ટ હોસ્પિટલમાં ૧૮ દર્દીઓ સારવાર હેઠળ છે. આમ નગરની ખાનગી હોસ્પિટલમાં અંદાજિત ૨૦૮ કોવિડના દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે. પરંતુ હવે આ ખાનગી હોસ્પિટલમાં એક પણ બેડ ખાલી નથી. જયાં કોવિડના દર્દીઓને સારવાર આપી શકાય કોરોનાની સારવાર માટે દર્દીઓનુ વેઈટીંગ ચાલી રહ્યુ છે.

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં ૩૫૦ થી વધુ દર્દીઓ દાખલ છે. આવા સંજોગોમાં ખાનગી હોસ્પિટલોને બેડ વધારવા માટે પણ સરકારે મંજુરી આપી છે. સરકારે ખાનગી હોસ્પિટલને ૧૦ ટકા બેડ વધારી દર્દીઓને યોગ્ય સારવાર આપી શકાય તે માટે પણ સુચના આપી છે. પરંતુ ખાનગી હોસ્પિટલો પણ આ મામલે લાચારી અનુભવી રહી છે. માળખાગત સુવિધાઓના અભાવ વચ્ચે દર્દીને દાખલ કરીને આગળની સારવાર માટેની આનુસંગિક વ્યવસ્થા કરવાનુ પણ મુશ્કેલ છે. બીજીતરફ હોસ્પિટલો પાસે કોવિડની સારવાર માટે પુરતો સ્ટાફ પણ નથી. ગાંધીનગરમાં કોરોનાનો કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે. ત્યારે મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ અપનાવી ઘરે બેઠા જ સારવાર લેવાનુ પસંદ કરે છે.

પરંતુ ગંભીર સ્થિતિ હોય તેવા કિસ્સામાં અગર ફેફસામાં પણ ઈન્ફેકશન પહોંચી ગયુ હોય તેવા સંજોગોમાં દર્દીઓ હોસ્પિટલમાં સારવાર લેવા મજબુર બને છે. પરંતુ ખાનગી હોસ્પિટલમાં પણ હવે જગ્યા નથી. જેના લીધે વધતા કેસ વચ્ચે સારવાર માટે દર્દીઓ પણ રખડતી હાલતમાં જોવા મળી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે ખાનગી હોસ્પિટલના પણ હાથ બંધાયેલા છે.

સેકટરોમાં એમ્બ્યુલન્સની સાઈરન વચ્ચે ગાજતા ચૂંટણીના લાઉડ સ્પીકરથી રહીશો ત્રાહીમામ

કોરોનાના કહેર અને આકરી ગરમી વચ્ચે સેકટરોની શેરીઓમાં છવાયેલા સન્નાટા વચ્ચે ચુંટણી પ્રચારના ઘોંઘાટથી સેકટરવાસીઓ આગબબુલા : કોરોનાના દર્દીઓ અને સિનિયર સિટીઝન્સ પણ પરેશાન

શહેરમાં કાતિલ બનતા કોરોના વચ્ચે ચુંટણીની ગતિવિધિઓ તેજ બની છે. સેકટરોની શેરીઓમાં સાઈરન મારતી એમ્બ્યુલન્સ વચ્ચે ચુંટણી પ્રચારના લાઉડ સ્પીકરો પણ ગાજી રહ્યા છે. આકરી ગરમી અને ઉપરથી કોરોનાના કહેર વચ્ચે ઘરમાં રહેવામાં જ સલામતી હોવાનુ માનતા સેકટરવાસીઓ હાલ ચુંટણી પ્રચારના ઘોંઘાટથી વ્યથિત છે. ધોમધખતા તાપમાં સેકટરોની શેરીઓમાં ચુંટણી પ્રચારની આ પધ્ધતિ કોરોનાના દર્દીઓ અને સિનિયર સિટીઝન્સ માટે વધુ પીડાદાયક બની છે. કાન ફાડી નાંખે તેવા અવાજથી કોરોનાના દર્દીઓ પણ પરેશાન છે. કોરોનાના કપરા સમયમાં ચુંટણી પ્રચારની આવી માનવતા વિહોણી પ્રચાર ઝુંબેશ પર રોક લગાવવા માટે પણ જાગૃત નાગરિકોએ માંગણી કરી છે.

કોરાનાના સતત વધતા કહેર વચ્ચે ગાંધીનગર કાર્પોરેશનની ચુંટણી આમ નાગરિકો માટે ત્રાસરૂપ બની છે. એકબાજુ માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગ વિના ચાલતી પ્રચાર ઝુંબેશના લીધે કોરોનાનુ સંક્રમણ હજુ વધશે તેનો પ્રબળ ખતરો પણ મંડરાયો છે. ત્યારે બીજીતરફ સેકટરોમાં શેરીએ શેરીએ ડી જે સિસ્ટમ સાથે કાન ફાડી નાંખે તેવા ઘોંઘાટમાં થતા ચુંટણી પ્રચારથી નાગરિકો ઘરમાં પણ શાંતિથી બેસી શકતા નથી. સેકટરોમાં સંખ્યાબંધ કોરોનાના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે ત્યારે દિવસ દરમિયાન બપોરના સમયે પણ લાઉડ સ્પીકરના માધ્યમથી ચુંટણી પ્રચાર સતત ચાલુ રહે છે. જેના લીધે આકરી ગરમી વચ્ચે આરામ કરતા સિનિયર સિટીઝન્સ અને બાળકો પણ ઝબકી જાય છે. રાજકીય પક્ષોની આ પ્રચાર ઝુંબેશ નાગરિકો માટે ત્રાસરૂપ બની છે. આકાશમાંથી આગ વરસી રહી છે. અને કોરોનાનો કહેર સતત ચાલુ છે આવા સંજોગોમાં નાગરિકો માટે ઘરની બહાર જવાનુ પણ સલામત નથી પરંતુ સંક્રમણ અને ગરમીથી બચવા માટે ઘરમાં રહેતા સેકટરવાસીઓ માટે આ ચુંટણી પ્રચારનો ઘોંઘાટ શિરદર્દ સમાન બન્યો છે. જયારે કોરોનાના દર્દીઓ માટે પણ પ્રચારની આ પધ્ધતિ ત્રાસરૂપ બની છે. કોરોના બેકાબુ બનતો જાય છે કોરોના સંક્રમણ પીક પર છે ત્યારે આ દિવસોમાં ચુંટણી યોજવાના નિર્ણય સામે પણ વિરોધનો વંટોળ મંડરાયો છે. આમછતા ચુંટણીનુ બ્યુગલ ફુંકાતા સેકટરોમાં હાલ સતત સાઈરન મારતી એમ્બયુલન્સ વચ્ચે ચુંટણી પ્રચારના લાઉડ સ્પીકરો પણ ગાજી રહ્યા છે. આવા કપરા સંજોગોમાં રાજકીય પક્ષો પ્રચાર માટે માનવતાવાદી અભિગમ દાખવે તેવો સુર પણ સ્થાનિક જાગૃત નાગરિકોએ ઉઠાવ્યો છે. જાગૃત નાગરિકોએ ચુંટણી પ્રક્રીયા બંધ રાખવા અગર પ્રચાર ઝુંબેશ બંધ કરાવવા માટે પણ ઉગ્ર માંગણી કરી છે.

ગાંધીનગરને ગ્રીનસીટીનું ગૌરવ પાછુ મેળવવા કોંગ્રેસનું વચન

ગૃહ વપરાશમાં પ્રથમ ૧૦૦ યુનિટ વીજબિલ માફ, પ્રોપર્ટી ટેક્ષની પુનઃ સમીક્ષા, પર્યાવરણ પ્રેમીઓનું સન્માન કરી ગ્રીનવોલ બનાવવામાં મદદરૂપ સંસ્થા, વ્યક્તી કે ઔદ્યોગિક એકમને પ્રોપર્ટી ટેક્ષમાં રાહત અપાશે

ગાંધીનગર શહેરના યુવાનોને રોજગારીની તકોનું નિર્માણ, ગ્રીનસીટીનું ગૌરવ પાછુ મેળવવાની કટિબદ્ધતા અને ગૃહ વપરાશમાં પ્રથમ સો યુનિટ વીજ મફત આપવા સહિતના સંખ્યાબંધ સંકલ્પો આજે કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી સંકલ્પ પત્રની ઘોષણા આજે પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા, વિપક્ષના નેતા પરેશ ધાનાણી, શહેર અને રાજ્યના કોંગી અગ્રણીઓની ઉપસ્થિતિમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ કરી હતી.

ગાંધીનગર મનપાના દરેક વોર્ડમાં અંગ્રેજી માધ્યમની શાળા સહિતની મોર્ડન શાળાઓ શરૂ કરી મફત શિક્ષણ આપવાની વાત આ સંકલ્પ પત્રમાં કરવામાં આવી છે.

શહેરના પ્રોપર્ટી ટેક્ષના માળખાની પુનઃ સમીક્ષા કરવા સાથે શહેરમાં ભેળવવામાં આવેલા નવા ગ્રામ્ય વિસ્તારોમાં શહેરી સુવિધાઓ ન પહોંચે ત્યાં સુધી ટેક્ષ હોલિડે.

શહેરની આરોગ્ય સેવાઓનું સઘનીકરણ કરવાની વાત કરતાં દરેક વોર્ડમાં પ્રા.આ. કેન્દ્રો શરૂ કરી ગુણવત્તાસભર સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

તેમણે પ્રોપર્ટી ટેક્ષની સમીક્ષા કરવાના પક્ષના સંકલ્પને સમજાવતાં કહ્યુ હતુ કે ભારવાળો નહિ પણ ભરી શકાય તેવા ટેક્ષનું માળખુ હશે, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, રોજગારલક્ષી, તબીબી, સેવાભાવી સંસ્થાઓના કાર્યોના આધારે પ્રોપર્ટી ટેક્ષમાં અંશતઃ થી સંપૂર્ણતઃ રાહત આપવામાં આવશે.

શહેરને આઈકોનિક યુથ સીટીનો દરજ્જો અપાશે. યુથ આઈકોન સિટી માટે જે તે વિષય અને પ્રવૃત્તિના ટીચર્સ, ટેકનીશ્યનોને કાયમી ધોરણે નિમણુંક આપવામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે કોર્પોરેશનની શૈક્ષણિક સંસ્થાઓમાં કોન્ટ્રેક્ટ સિસ્ટમ નાબુદ કરી અને સરકારના ધારા ધોરણ મુજબ એજ્યુકેશનલ સ્ટાફને નિયુક્ત કરવામાં આવશે.

શહેરમાં વધુ સેલરી આપી શકે તેવા ઈલેક્ટ્રીક, ટેક્ષટાઈલ વિવિંગ, ફુડ પ્રોસેસીંગ, કુકીંગ, નર્સિંગ, ફુટવેર, ફાર્માસ્યુટીકલ, બાંધકામ, ફેબ્રીકેશન, જ્વેલરી, હેન્ડલુમ જેવા સ્વરોજગારલક્ષી શિક્ષણને અગ્રતા આપવામાં આવશે. આર્થિક રીતે નબળા શહેરીજનોને અસાધ્ય અને અકસ્માતના કેસમાં મેયર ફંડ થકી આર્થિક સહાય આપવામાં આવશે.

સેક્ટર-૧ ના તળાવને પાણીથી સંપૂર્ણ ભરી ડોલ્ફીન શો નું દર રવિવાર અને જાહેર રજા તેમજ વેકેશન દરમ્યાન આયોજન કરાશે. શહેરમાં માછલીઘર, ચીડિયાઘરનું પણ નિર્માણ કરાશે.

● અનુસંધાન પાના - ૭ પર

દુઃખદ અવસાન

અમારા માતૃશ્રી શ્રીમતી પુષ્પાબેન બાબુભાઈ પરમાર (ગામ : બોરીજ)નું તા. ૫-૪-૨૦૨૧ સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યુ તે ખરું...

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્‌ગતનું બેસણું તથા લૌકિકક્રિયા રાખેલ નથી.

સ્વ. બાબુભાઈ મંગળભાઈ પરમાર (પતિ)
નિરવ બાબુભાઈ પરમાર (પુત્ર)
ચેતનાબેન સમીરકુમાર પરીખ (પુત્રી)
ટ્વિંકલબેન બાબુભાઈ પરમાર (પુત્રી)
સમીરકુમાર જયેશભાઈ પરીખ (જમાઈ)

સ્થળ : પ્લોટ નં. ૪૦૧/૧, સેક્ટર-૨/બી, ગાંધીનગર
મો. : ૭૯૯૦૮૯૭૨૫૭ (નિરવ) ૭૦૬૯૮૪૧૫૨૫

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com